જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૭/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૩૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૧	૧	૧૧૬૩૨	૧૭૭૪૨	૧	૧૭૭૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૯	૦	૪૭૨૯	૬૨૬૪	૦	૬૨૬૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૭	૦	૯૭	૩૪૭	૦	૩૪૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૩૫૦૪	૧૨૦	૬૩૬૨૪	૬૪૦૮૬	૧૨૭	૬૪૨૧૩
કુલ		૭૯૯૬૧	૧૨૧	૮૦૦૮૨	૮૮૪૩૯	૧૨૮	૮૮૫૬૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૬	૨,૨૩,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૪૫	૧૦,૪૫,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી રાજકોટ જેલ મોકલી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી છબીનાથસિંહ ઉર્ફે રાજા કૌશલસિંહ જાતે રાજપુત ઉ.વ.૨૯ રહે.મ.નં-૩૫ સ્નેહકુંજ સોસાયટી નુતન નાગરીક બેંકની પાસે ભાવના શોપીગ સેન્ટરની બાજુમા ઇસનપુર અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૩૩/૨૦૨૧ તા.૦૮/૦૭/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજરોજ યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૦૮/૦૭/૨૦૨૨૧

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-


પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

મ.સ.ઇ વિક્રમસિંહ માનસિંહ બ.નં-૮૧૫૯

અ.હે.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦

અ.પો.કો. રાયમલભાઇ રૂડાભાઇ બ.નં. ૯૯૨૬

આરોપીનો ફોટો :-



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩ લીટર દેશી દારૂ, ૨૭૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૮૪ બીયરટીન અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૩૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૨૩૩/૨૦૨૧**

નવરંગપુરા : તુષારભાઇ કાંતીલાલ શાહ (ઉ.વ.૫૮) (રહે.અનુરાગ એપાર્ટમેન્ટ, વિધ્યાનગર સ્કુલ ની ગલીમાં, ઉસ્માનપુરા) એ તા.૮/૭/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ/૨૦૨૧ ના સમયગાળામાં સી.જી.રોડ, પરીસીમા કોમ્પલેક્ષમાં આવેલ "ક્રિફસ ટ્રેડ કેપીટલ પ્રા.લી." શેરબજારની ઓફીસ ખાતે એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા અને કંપનીના સબબ્રોકરનુ સબબ્રોકરેજ(કમિશન) ની ગણત્રી કરી, તેની ચુકવણી પેટે જે-તે સબ બ્રોકરના ખાતામાં નાણા ટ્રાન્સફર કરવાનું કામ કરતા આરોપી દિક્ષીત મહેતાએ અલગ-અલગ પાંચ બ્રોકર (૧)જીતેન્દ્ર શાહ (રહે.અશોક ટેનામેન્ટ, કેડીલા લેબની સામે ઘોડાસર) (૨) અમરીશ શાહ (૩)રૂચિતા શાહ (બંને રહે. કુંભનાથ સોસાયટી, આરાધના સ્કુલની પાછળ, કેડીલા રોડ, ઘોડાસર) (૪) કૌશીક પ્રજાપતિ (રહે.મંગલમુર્તી સોસાયટી, કેનાલ રોડ પાસે, ઘોડાસર) અને (૫) તપન પરીખ (રહે. સરવીલ ફ્લેટ, પ્રકાશનગર સોસાયટી, ઉત્તમનગર પાસે, મણીનગર) નાઓને સબબ્રોકરેજ (કમિશન)ની રકમ લેવાની થતી ના હોવા છતા કંપનીની જાણ બહાર તેઓના ખાતામાં કુલ રૂપિયા ૨૭,૫૦,૦૦૦/- ટ્રાન્સફર કરી રૂપિયા મેળવી લઈ, કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

દાઝી જતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૨૩૪/૨૦૨૧**

વાડજ : અરૂણભાઈ યશવંતભાઈ બાવા (ઉ.વ.૪૬)(રહે.મહાદેવવાસ વિભાગ-૧, નવા વાડજ ગામ) તા.૦૫/૦૬/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગે પોતાના ઘરે રસોડામા ગેસની સગડી ઉપર ચા બનાવતા હતા ત્યારે ગેસની સગડીમા ભડકો થતા આગ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૧ ના કલાક ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચૌધરી ચલાવે છે.

વટવા જી.આઇ.ડી.સી. : અલામુદ્દીન અલાઉદ્દીન શેખ (ઉ.વ.૩૫)(રહે.બંસીની ચાલી, અશોક મીલ, નરોડા) તા.૦૪/૦૭/૨૦૨૧ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે જીઆઇડીસી વટવા ફેઝ-૩, પ્લોટ નંબર-૧૨૧૯ ખાતે આવેલ "લક્ષ્મી ટેક્નોકાસ્ટ" નામની કંપનીમાં કામ કરતા હતા ત્યારે ગેસની પાઈપ લીકેઝ થતા આગ લાગતા શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૭/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જી.આઇ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળવતસિંહ મંગળસિંહ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુ :- **સમાચાર યાદી નં.૧૨૩૫/૨૦૨૧**

નરોડા : નાગેન્દ્રપ્રસાદ શારદાપ્રસાદ કુશવાહ (ઉ.વ.૩૫)(રહે.ભગવતી ફ્લોર, મીલ સ્ટાફ ક્વાટર્સ અર્બન હેલ્થ સેન્ટરની સામે, નરોડા) તા.૦૮/૦૭/૨૦૨૧ સાંજના ૬/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ટેબલ પંખાના ખુલ્લા વાયરને અડી જતા વીજ કરંટ લાગવાથી તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેઠાભાઇ બહેચરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૩૬/૨૦૨૧**

સાબરમતી : વસંતિબહેન વિપુલકુમાર પંડયા (ઉ.વ.૪૨)(રહે.કર્ણાવતી ફ્લેટ, સાબરમતી મ્યુનિ. સ્નાનાઘર પાસે, સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી